## જન્મદિને વધામણી



સુધીર એન મોદી
મો. ૯૮૭૯૪ ૨૬૭૦૦
ફોન : ૨૩૨૨૦૧૧૦



જયંતિલાલ ઈશ્વરલાલ સાકરીઆ
મો. ૯૪૨૭૫ ૨૬૯૦૦



હંસાબેન જયંતિલાલ સાકરીઆ
મો. ૯૪૨૭૫ ૨૬૯૦૦



અનિલકુમાર કાંતિલાલ નાયી
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫



મમતા રાવલ
પ્રમુખ, ગણપતિ ફાઉન્ડેશન
મો. ૯૭૨૫૦ ૩૪૨૨૪

# જીઆઈપીએસના ભૂલકાઓ દ્વારા નગરનાં ધાર્મિક સ્થળોની મુલાકાત



ગાંધીનગર, તા. ૫
ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા નગરનાં ધાર્મિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી.

ગુરુદ્વારા, મંદિર અને ચર્ચ જેવાં સ્થળોની મુલાકાત આ ઉપક્રમ અંતર્ગત લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક મૂલ્યોનું સીંચન થાય તે હેતુસર તેમને આ સ્થળોની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. પ્રત્યેક ધાર્મિક સ્થળમાં પૂજારી, પ્રિસ્ટ દ્વારા મંદિર અને પૂજાવિધિ, ઈશ્વર તેમજ ધર્મ અંગે સમજ આપવામાં આવી હતી. આ મુલાકાતે બાળકોમાં સર્વ ધર્મ સમભાવની ભાવના જગાવવાનો સફળ પ્રયાસ કર્યો હતો.

### લીયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા

# ઈન્ફોસીટી સ્કૂલમાં એક્સલન્સ ઈન એક્ઝામ સેમિનાર



ગાંધીનગર, તા. ૫
લીયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ઈન્ફોસીટી જૂનીયર સાયન્સ કોલેજ ગાંધીનગરમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના બંન્ને ગ્રુપના ૨૫૦થી પણ વધારે વિધાર્થીઓ માટે **Excellence in Exam** સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. ગાંધીનગરના સફળ મોટીવેટર વક્તા મહર્ષિ રાવલ દ્વારા તેમને મોટીવેટ કરાયા. વક્તા દ્વારા વિધાર્થીઓને ખુબ જ જીવંત પધ્ધતિથી માર્ગદર્શન અપાયું હતું. માત્ર શાળાની જ નહીં પણ જીવનની આવનારી પરિક્ષાઓ માટે તૈયાર થવાની શીખ આપતાં એમને પરીક્ષા પહેલાં, દરમિયાન અને પરીક્ષા પછી કેવી રીતે શું કરવું તેની મહત્વની જાણકારી તેમણે આપી હતી. સ્વજવાબદારી, સ્વજાગૃતિ થકી પોતાની પ્રોડક્ટિવિટી સાયકલને જાણીને તૈયારી કરવા જણાવ્યું હતું. આ પ્રોગ્રામથી વિદ્યાર્થીઓ ચોક્કસ ૫થી ૧૦ ટકા વધુ માર્કસ મેળવે તથા જીવનના કોઈપણ તબક્કે સફળતા મેળવે એવી શુભકામનાઓ પણ તેમણે પાઠવી હતી. ખુબ નાની વયે અદ્ભુત મોટીવેટર મહર્ષિ ભાઈએ અંતમાં **Love your family and yes I can...** ના સંદેશાથી વિદ્યાર્થીઓનાં હ્દયને લાગણીસભર કર્યા હતા. આ સેમિનારમાં શાળાના આચાર્ય જયેન્દ્ર પાઠક, ડિરેક્ટર શૈલેષ પંડ્યા, શિક્ષકગણ તથા લાયન્સના ડિસ્ટ્રિક્ટ ચેરમેન નિમેષ રાવલ, લીયો પ્રમુખ મૌલિક પ્રજાપતિ, લીયો ભુતપૂર્વ પ્રમુખ નિખિલ સોની, પ્રોજેક્ટ ચેરમેન લીયો મહર્ષિ દવે, લીયો ઋતવિક પટેલ હાજર રહ્યા હતા.

# ડેન્ટલ સહિત પેરા મેડિકલની ૨૯૩૭ બેઠકો પર પ્રવેશની ફાળવણી

## ડેન્ટલમાં જે બેઠકો ખાલી પડશે તેના માટે ઓફલાઈન રાઉન્ડ કરાશે

ગાંધીનગર, તા. ૫
ડેન્ટલ સહિતની પેરા મેડિકલની બેઠકો પર વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે આજે ૨૯૩૭ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરાઈ હતી. આજે એકપણ બેઠક ખાલી પડી નહોતી જો કે, હવે ફી ભરવાની મુદત પૂરી થાય બાદ ડેન્ટલની જે બેઠકો ખાલી પડશે તેના માટે ઓફલાઈન રાઉન્ડ કરાશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ચોઈસ આપવાની શરૂ કર્યા બાદ જે કોલેજોની મંજૂરી આવી તેવી કોલેજોને હાલમાં પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરાઈ નથી. આ બેઠકો હવે રિશફલિંગ રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરાશે.

મેડિકલમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપથી અને નેચરોપથી માટે કાર્યવાહી શરૂ કરાઈ હતી. ઓનલાઈન પ્રવેશ માટે અંદાજે ૧૨ હજારથી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આજે કુલ ૨૯૩૭ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે હવે તા.૭મીએ બપોરે ૪ વાગ્યા સુધી વિદ્યાર્થીઓને ફી ભરવાની સમયમર્યાદા અપાઈ છે. આ સમય દરમિયાન જે બેઠકો નોન રિર્પોટિંગ થશે તેને રિશફલિંગ રાઉન્ડમાં સામેલ કરાશે. આ સિવાય ડેન્ટલમાં જે બેઠકો ખાલી પડશે તેના માટે ઓફલાઈન રાઉન્ડ કરાશે. ડેન્ટલમાં ખાલી પડનારી બેઠકોની વિગતો તા.૭મીએ જાહેર કરાશે. આ બેઠકો પર પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓએ તા.૮ અને ૯ એમ, બે દિવસ ઓફલાઈન રાઉન્ડ કરાશે. ઓફલાઈન રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને તા.૬ બપોરે ૩ વાગ્યા સુધીમાં સંમતિ આપવાની રહેશે.

# ગુજ. યુનિ. વહેલાં પરિણામો આપવા એકથી વધુ એજન્સીને કામગીરી સોંપશે

## ત્રણ એજન્સી અલગ-અલગ કામગીરી કરે તેવી વ્યવસ્થા ઊભી કરાશે

ગાંધીનગર, તા. ૫
ગુજરાત યુનિવર્સિટીમાં સોમવારે પરીક્ષા રિફોર્મ કમિટીની બેઠક મળી હતી. જેમાં આગામી દિવસોમાં પરીક્ષામાં કયા કયા સુધારા-વધારા થઈ શકે તેમ છે તે મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. જેમાં હવે પછી પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીની ઉત્તરવહીમાં ૨૦ ટકાનું વેરિએશન આવે તો તેની ઉત્તરવહી ડીન અને કો-ઓર્ડિનેટરે આ ઉત્તરવહીઓ નવેસરથી ચકાસણી કરવી પડશે. આ ઉપરાંત ઉત્તરવહીની ફેર ચકાસણીમાં કોઈ વિદ્યાર્થીઓને માર્કસમાં ઘટાડો થાય તો તે ઘટાડો નહી કરવાનું પણ નક્કી કરાયું હતું. સૌથી મહત્વની બાબત એ હતી કે પરિણામો જાહેર કરવામાં અને માર્કશીટ આપવામાં થતાં વિલંબ કેવી રીતે નિવારી શકાય તે મુદ્દે વિચારણા કરાઈ હતી. યુનિવર્સિટીમાં પરીક્ષા પૂરી થાય બાદ મહિનાઓ સુધી પરિણામો જાહેર થતાં નથી. મોડે મોડે પરિણામો જાહેર કરવામાં આવે તો નિર્ધારીત સમયમાં માર્કશીટ અપાતી નથી. આજે મળેલી એકઝામ રિફોર્મ કમિટીની બેઠકમાં આ તમામ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. સૂત્રો કહે છે હાલમાં યુનિવર્સિટી પાસે એક જ એજન્સી માર્કશીટ તૈયાર કરવાની કામગીરી કરે છે તેના કારણે ભારે વિલંબ થતો હોય છે. જેના કારણે હવે આગામી દિવસોમાં એક કરતાં વધારે એજન્સીને આ કામ આપવાનું નકકી કરાયું છે. ત્રણ એજન્સી અલગ-અલગ કામગીરી કરે તેવી વ્યવસ્થા ઊભી કરાશે. આ માટે આગામી દિવસોમાં ઈ-ટેન્ડરિંગ કરીને અન્ય એજન્સીઓને કામગીરી સોંપાશે. આ ઉપરાંત અગાઉ નક્કી કરાયું હતું તે પ્રમાણે વિદ્યાર્થી પોતાની ઉત્તરવહીનું રિએસેસમેન્ટ કરાવે અને જો ૨૦ ટકા સુધીનું વેરિએશન આવે તો તેના માટે બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન અને ડીન ભેગા મળીને આ મુદ્દે નિર્ણય કરશે. જો કોઈ વિદ્યાર્થી પુનઃમૂલ્યાંકન કરાવે અને માર્કસ હોય તેના કરતાં પણ ઓછા થાય તો અગાઉ આવેલા વધારે માર્કસને જ માન્ય કરાશે.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા મહિલા પાંખ દ્વારા આંગણવાડીનાં બાળકોને લંચબૉક્સની ભેટ



સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટની મહિલા પાંખ દ્વારા આદિવાડા આંગણવાડીનાં બાળકોને લંચબૉક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવાં લંચબૉક્સ મેળવીને બાળકો ખુશખુશાલ થઈ ગયાં હતાં.

# આરટીઈ હેઠળ પ્રવેશના સરકારના આદેશને લઘુમતી સ્કૂલોનો પડકાર

ગાંધીનગર, તા. ૫
રાઈટ ટુ એજ્યુકેશન(આરટીઈ) કાયદો લઘુમતી શાળાઓને લાગુ પડતો ના હોવા છતાંય રાજ્ય સરકારે કેટલીક કોન્વેન્ટ લઘુમતી શાળાઓને ગરીબ વિદ્યાર્થીઓને કાયદા હેઠળ પ્રવેશ આપવા માટેનો આદેશ કર્યો છે. મોટાભાગે કચ્છ-ભુજના જિલ્લાઓની શાળાઓ સરકાર તરફથી ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો આદેશ થતાં ૧૪ જેટલી શાળાઓએ તેની સામે હાઈકોર્ટમાં રિટ કરી છે. જેમાં હાઈકોર્ટના જસ્ટિસ એસ.જી. શાહે વચગાળાનો આદેશ કરતાં રાજ્ય સરકારના આદેશ પર હાલ પુરતા મનાઈહુકમ ફરમાવ્યો છે. સાથે જ રાજ્ય સરકારને નોટિસ પાઠવીને આ કેસની વધુ સુનાવણી છઠ્ઠી નવેમ્બરના રોજ મુકરર કરી છે.

સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓ સ્પષ્ટ કરે છે કે લઘુમતી શાળા કે સંસ્થાઓ રાઈટ ટુ ફ્રી એન્ડ કમ્પલ્સરી એજ્યુકેશનના કાયદા હેઠળ આવતી નથી. સુપ્રીમ કોર્ટે તેને ગેરબંધારણીય પણ જાહેર કર્યો છે. ત્યારે રાજ્ય સરકારે કેટલીક શાળાઓને ૧૦ તો કેટલીકને ૧૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો આદેશ કર્યો છે. તેથી તેની વિરુદ્ધ ગાંધીધામની માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, નિર્મલ એજ્યુ. સોસાયટી સહિત અનેક શાળાઓએ હાઈકોર્ટમાં એડવોકેટ સૌરભ પટેલ મારફતે રિટ દાખલ કરી છે. જેમાં એવી દલીલ કરી છે કે,'અમે લઘુમતી કોન્વેન્ટ શાળાઓ છીએ અને ઈઈનો કાયદો અમને લાગુ પડતો નથી. તેમ છતાંય રાજ્ય સરકારે એક આદેશ પાસ કરીને સમાજના નબળા વર્ગના કેટલાક વિદ્યાર્થીઓ દરેક શાળાને ફાળવ્યા છે અને તેમને પ્રવેશ આપવાનું જણાવ્યું છે. પરંતુ અમારી શાળા પહેલાથી જ લઘુમતી વર્ગના બાળકોને શિક્ષણ આપવાના ચેરિટીના કામ સાથે જોડાયેલી છે. તેવા સંજોગોમાં રાજ્ય સરકારનો આદેશ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં રાખીએ તો ગેરબંધારણીય છે.'

આ રિટમાં રાજ્ય સરકાર તરફથી દલીલ કરતા એવો કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે,'પ્રાથમિક શિક્ષણ વિભાગના ડાયરેકટર તરફથી શાળાઓને લઘુમતી શાળા હોવાનાં સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવ્યા ના હોય. તેવા સંજોગોમાં અરજદાર શાળાઓ જેવી શાળાઓને તેઓ માંગી રહી છે તે મુજબની રાહત આપી શકાય નહીં. એટલે કે તેમને રાઈટ ટુ એજ્યુકેશન કાયદા હેઠળની અમલવારીમાંથી મુક્તિ મળી શકે નહીં.'

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં ભારત નેપાળ વચ્ચે કયો યુદ્ધ અભ્યાસ કાર્યક્રમ શરૂ થયો છે ?
(એ) સૂર્ય વિજય
(બી) સૂર્યકિરણ
(સી) સૂર્યપ્રકાશ
(ડી) સૂર્યબિંદુ

(૨) ૨૦૧૭માં બ્રિક્સ શિખર સંમેલનની કેટલીમી બેઠક યોજી હતી ?
(એ) છઠ્ઠી (બી) સાતમી
(સી) આઠમી (ડી) નવમી

(૩) ૨૦૧૭માં આયોજિત બ્રિક્સ શિખર સંમેલનની થીમ શું હતી ?
(એ) એક ઉજ્જવળ ભવિષ્ય માટે સશક્ત ભાગીદારી
(બી) બ્રિક્સ દેશોની ઈચ્છાશક્તિ
(સી) વિશ્વમાં ભવિષ્યની તાકાત
(ડી) ઉજ્જવળ દેશોનું અર્થતંત્ર

(૪) ૨૦૧૭માં બ્રિક્સ શિખર સંમેલનની બેઠક કયા સ્થળે યોજાઈ હતી ?
(એ) બેઈજિંગ (બી) શાંઘાઈ
(સી) શિયામેન (ડી) વાનાકુઈ

(૫) ૨૦૧૭માં ઈન્ટરનેશનલ ડે ઓફ ચેરિટી ક્યારે ઉજવવામાં આવ્યો હતો ?
(એ) ૫ સપ્ટેમ્બર (બી) ૪ સપ્ટેમ્બર
(સી) ૩ સપ્ટેમ્બર (ડી) ૨ સપ્ટેમ્બર

(૬) ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયા એનબીએલટીમમાં પસંદગી પામનાર પ્રથમ ભારતીય ખેલાડીનું નામ શું છે ?
(એ) વિજય નાગપાલ (બી) અમરિંદર સિંહ
(સી) અમૃતપાલ સિંહ (ડી) મનોજ ભાર્ગવ

(૭) ૨૦૧૭માં રૂા. ૧૬૩૪૭ કરોડમાં આઈપીએલ મીડિયા રાઈટ્સ કઈ ચેનલે ખરીદી લીધા છે ?
(એ) સ્ટાર પ્લસ (બી) સૅટમૅક્સ
(સી) સોની (ડી) સ્ટાર સ્પોર્ટ્સ

(૮) કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. સત્યપાલસિંહ કયા ક્ષેત્રની સેવા સાથે અગાઉ સંકળાયેલા હતા ?
(એ) ભારતીય સેના (બી) ભારતીય વાયુસેના
(સી) ભારતીય પોલીસ સેવા (ડી) ભારતીય નૌસેના

(૯) ૨૦૧૭માં રાષ્ટ્રપતિ રામનાથ કોવંદે કયા રાજ્યમાં સૌની યોજનાના લિંક ચારના બીજા ચરણનું ઉદ્‌ઘાટન કર્યું હતું ?
(એ) રાજસ્થાન (બી) ગુજરાત
(સી) મધ્યપ્રદેશ (ડી) મહારાષ્ટ્ર

(૧૦) ૨૦૧૭માં ફોર્બ્સ મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી ભ્રષ્ટ દેશોની યાદીમાં એશિયાનો સૌથી ભ્રષ્ટ દેશ કયો છે ?
(એ) પાકિસ્તાન (બી) બાંગ્લાદેશ
(સી) નેપાળ (ડી) ભારત

# પનઘટના કલાકારો દ્વારા કોલકાતામાં ગુજરાતની કલા સંસ્કૃતિની પ્રસ્તુતિ








પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે ગુજરાતી પ્રતિસ્થાન અને કોલકાતા ગુજરાતી સમાજના સયુંકત ઉપક્રમે યોજાયેલ દ્વિ-દિવસીય 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમમાં ગુજરાતની ગરબા, ડાંગી, રાસ, સિદી ધમાલ વગેરે કલા-સાહિત્યની અને સંસ્કૃતિની સફળ રજુઆત કરીને બંગાળ ના ગુજરાત અને કલપ્રેમી બંગાડીયોને ખૂબ ખુશ કરી દિધા હતા. જેમાં ગુજરાતના પ્રસિદ્ધ હાસ્ય કલાકાર ડો.જગદીશ ત્રિવેદી એ હાસ્ય ની મોજ કરવી હતી જેમાં ગુજરાતના ડાંગ,સુરેન્દ્રનગર,ભરૂચ અને ગાંધીનગરના વિખ્યાત કલાકારોએ ભાગ લીધો હતો. ગુજરાતી હસ્ત કલા કારીગીરીનું પ્રદર્શન અને ગુજરાતી વાનગી ઓ નો મેળો રચાયો હતો જે બંગાળ માં ગુજરાતનું સર્જન થયું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરની જાણીતી સાંસ્કૃતિક કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ ગુજરાતની ઓળખ સમી કૃતિ - ગરબો રજૂ કરી પ્રેક્ષકોની ભરપૂર પ્રસંશા મેળવી હતી. આ પ્રસંગે રાજ્યના એન.આર.જી. પ્રભાગના મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. એન.આર.આઈ. પ્રભાગના સચિવ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (આઈ. એ.એસ.) પ્રભાગના અધિક સચિવ શ્રી એન. પી. લવિંગિયા અને નિયામક એન.આર.જી ફોઉન્ડેશન, શ્રી કે. ડી. અસારી ના માર્ગદર્શનમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે પનઘટ કલા કેન્દ્ર ના સંચાલક અને ગાંધીનગર શહેરના જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલ દ્વારા સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમ ના શૉ ડેરીક્ટર ની સફળ જવાબદારી સાંભળવામાં આવી હતી.અને ગુજરાત ના આ તમામ કલાકારોની કલા કુશળતા અનુસાર સુંદર કોરિયોગ્રાફી દ્વારા ગ્રાન્ડ ફિનાલે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે માનનીય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા એ પ્રસન્નતા વ્યક્ત કરતા શ્રી ભાવિન પટેલ નું સન્માન કર્યું હતું.